# ભાદરવી પૂનમના મેળાને કારણે ૪૫ શાળાઓમાં રજા જાહેર થઈ

## યાત્રાધામ અંબાજીમાં મિની વેકેશન તમામ શાળાઓમાં ૧૦ સપ્ટેમ્બર સુધી રજા જાહેર

અંબાજી, તા.૪

યાત્રાધામ અંબાજી હવે ભાદરવી પૂનમનો મેળો શરૂ થશે. ત્યારે ભાદરવી પૂનમના મહામેળાને લઈ અંબાજી સહિત દાંતા તાલુકાની ૪૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં મિની વેકેશન જાહેર કરાયું છે. અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા હજારોની સંખ્યામાં આવતા સુરક્ષા કર્મીઓ તૈનાત કરાયા છે. આ સુરક્ષા કર્મીઓને રહેવા માટેની સુવિધાઓ પુરી પાડવા આ શાળાઓનો ઉપયોગ કરાતો હોવાથી આ શાળાઓમાં આજથી રજા પાડી દેવામાં આવી છે. તમામ શાળાઓમાં આજથી ૧૦ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે. યાત્રાધામ અંબાજીમાં શરૂ થતા ભાદરવી પૂનમના મહામેળાને લઈ અંબાજી સહિત દાંતા તાલુકાની ૪૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં મિની વેકેશન જાહેર કરાયું છે. અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળામાં સુરક્ષા સૌથી પહેલા જરૂરી છે. જે માટે મોટી સંખ્યામાં સુરક્ષા કર્મીઓ ગોઠવવામા આવે છે. આ સુરક્ષા કર્મીઓને રહેવા માટે શૈક્ષણિક સંસ્થાઓનો ઉપયોગ કરાતો હોય છે. તેથી ભાદરવી પૂનમનો મેળો જ્યા સુધી ચાલે છે ત્યાં સુધી આ શાળાઓમાં રજા જાહેર કરી દેવાય છે. વિદ્યાર્થીઓ માટે આ એક મિની વેકેશન જેવું બની જાય છે. દાંતા તાલુકામાં મેળાના બંદોબસ્તને લઈ ૪૫ જેટલી શાળાઓનો ઉપયોગ કરાય છે. તમામ શાળાઓમાં ૩ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર સુધી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખી શાળાઓને સૂચના અપાઈ છે. તેમજ સુરક્ષાકર્મીઓની વ્યવસ્થા માટે વહીવટી તંત્રને સોંપી દેવા જણાવ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારીના પાઠવેલા પત્ર અનુસાર, આ તમામ શાળાઓમાં આજથી ૧૦ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે. એટલું જ નહિ, અંબાજીમાં ભરાતા મેળા દરમિયાન લાખોની સંખ્યામાં આવતા યાત્રિકો વચ્ચે વાલીઓ પણ પોતાના નાના બાળકોને શાળાએ મોકલતા નથી. જેને લઈને પણ શાળાઓમાં બંધ જેવો જ માહોલ હોય છે.

# ગાંધીનગરમાં હેમરાજ પાડલીયાના જન્મ દિવસની અનોખી ઉજવણી : વર્લ્ડ રેકોર્ડ નોંધાયો

## ગુજરાતભરમાંથી લોકો આવ્યા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લીધો : રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યુ



ગાંધીનગર, તા. ૪

જન્મ દિવસની ઉજવણી તો સૌ કોઈ કરતા હોય છે. મિત્રો, પરિવાર સાથે મળીને આનંદ ઉલ્લાસથી કરતા હોય છે પરંતુ અમુક નાગરિકો જ આ દિવસે સેવાના માધ્યમથી ઉજવણી કરતા હોય છે. એવા જ એક વ્યક્તિ ઋષિવંશી, નાયી, વાળંદ સમાજના હેમરાજ ભાઈ પાડલિયા (સ્થાપક-પ્રમુખ ઋષિવંશી સમાજ સેવા સંઘ, ગુજરાત, કન્વિનર સામાજિક સંકલન સેલ, ભાજપના ઓબીસી મોરચો, ગુજરાત પ્રદેશ)એ પોતાના જન્મ દિવસની ગાંધીનગર ખાતે ૩જી સપ્ટેમ્બર શનિવારે અનોખી સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને ઉજવણી કરી હતી. ગાંધીનગર શહેર અને જિલ્લામાં સમાજ સેવા થકી પોતાની આગવી ઓળખ ઉભી કરનાર હેમરાજ પાડલિયા મૂળ પોરબંદરના છે. તેમનો જન્મ દિવસ ઘણા વર્ષોથી ગુજરાતભરમાં સેવાના માધ્યમથી ૧૧૦ કરતા વધારે ગામોમાં ઉજવવામાં આવે છે, પરંતુ આ વર્ષે ગુજરાતભરમાંથી લોકો આવ્યા અને ગાંધીનગરમાં બાલિકા પૂજન, રક્તદાન કેમ્પ, આયુર્વેદિક નિદાન કેમ્પ, આરોગ્ય નિદાન કેમ્પ, ફિજીયોથેરાપી કેમ્પ, ટેસ્ટ નિદાન, કોવિડ રસીકરણ જેવી સેવા થકી સેવાકીય કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ શનિવારે બપોરે ૨ થી ૬ કલાકે સ્વર્ણિમ પાર્ક, ટાઉનહોલની બાજુમાં સેક્ટર-૧૭માં યોજાયો હતો. સાંજે ૫ થી ૭ કલાકે સૌએ ભોજન ગ્રહણ કર્યુ હતુ. ત્યારબાદ સાંજે ૮ થી ૧૨ કલાકે સાંસ્કૃતિક કાર્યર્ક્મો યોજાયા હતા. જેમાં ગુજરાતના પ્રખ્યાત કલાકાર ગીતાબેન રબારી, હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા, ગમન સાંથલ તેમજ લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ ડાયરામાં રમઝટ બોલાવી હતી. વધુમાં તેમના જન્મ દિવસે હજારોની જનમેદની વચ્ચે સેવા થકી ઉજવાયો તેનો વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયામાં નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હેમરાજ પાડલીયા અનેક સંસ્થાઓમાં જવાબદારી વહન કરી રહ્યા છે. સ્વખર્ચે પોતાના સમાજના અને દરેક સમાજ માટે અનેક સેવાકીય કાર્યક્મ કરતા હોય છે. જેમ કે અભ્યાસલક્ષી મદદ, અન્નક્ષેત્રે, પશુઓને લીલો ઘાસચારો, કૂતરાઓને બિસ્કીટ-દૂધ, પક્ષીઓને ચણ, વૃદ્ધાશ્રમમાં સેવા, અનાથાશ્રમમાં સેવા, સમાજના યુવક-યુવતીઓના વિવાહ માટે પણ પસંદગી માટે નિઃશુલ્ક વેબસાઈટ, અનેક શહેરમાં એમ્બ્યુલન્સ સેવા, સમૂહ લગ્ન જેવી અનેક સેવા કરે છે. તેઓ દરેક સમાજ સાથે સંકળાયેલા છે. આ દિવસે ગાંધીનગરની ૪૦ કરતા વધુ સમાજની સંસ્થાઓના લોકો હાજર રહ્યા હતા અને ઋષિવંશી સમાજના નાગરિકો ગુજરાતભરમાંથી હેમરાજભાઈને શુભેચ્છા પાઠવવા પધાર્યા હતા. આ દિવસે સાંજે ઋષિવંશી-નાયી સમાજનું સંમેલન પણ યોજાયુ હતુ. ઋષિવંશી-નાયી સમાજના કુળદેવી માતા લીંબચના ધામની પણ જાહેરાત થઈ હતી. આ પ્રસંગે ગુજરાતના મંત્રી કિર્તીસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ પરમાર, ગુજરાત પછાત વર્ગ વિકાસના પ્રમુખ જી.કે. પ્રજાપતિ, ગાંધીનગર ભાજપ પૂર્વ શહેર પ્રમુખ અને હાલના કોર્પોરેટર મહેન્દ્ર દાસ, બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી તેમજ જૂનાગઢ, સાળંગપુરથી બ્રહ્માકુમારી સહિત અનેક સાધુ-સંતો પધાર્યા હતા. તેમજ ગુજરાત ભરમાંથી ૧૭૦૦૦ કરતા વધારે નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકીય રીતે જન્મ દિવસની ઉજવણી કરી હતી જે એક વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા નોંધાયો હતો અને હેમરાજભાઈને શિલ્ડ, સર્ટિફિકેટ, મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

# વરસાદે વિરામ લેતાની સાથે રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધ્યો

## વડોદરામાં સપ્ટેમ્બર મહિનાનો ગરમીએ રેકોર્ડ તોડ્યો: અમદાવાદ શહેરમાં ૩૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે

અમદાવાદ, તા.૪

રાજ્યોમાં મેઘરાજાએ વિરામ લીધો છે. જોકે હવામાન વિભાગ દ્વારા આગાહી છે કે, પાંચ દિવસ છૂટો છવાયો વરસાદ થઈ શકે છે એટલે કે, રાજ્યના અનેક વિસ્તારમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ બીજી બાજુ રાજ્યમાં પશ્ચિમ ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે ગરમી અને બફારાથી લોકો પરેશાન છે. આ સાથે જ બેથી ત્રણ ડિગ્રી તાપમાન પણ વધી ગયું છે. કહેવાય છે કે, ભાદરવા મહિનામાં આકરો તાપનો એહસાસ થાય છે.

રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૭ પહોંચ્યું છે અને સૌથી ગરમ શહેર વડોદરા નોંધાયું છે. વડોદરામાં સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનામાં ૩૬ ડિગ્રી આસપાસ તાપમાન છે તે નોંધાતું હોય છે. પરંતુ છેલ્લા દસ વર્ષમાં સપ્ટેમ્બર મહિનામાં તાપમાન છે તેનો રેકોર્ડ આ વર્ષે સપ્ટેમ્બરમાં તોડી દીધો છે. ૨૦૨૨ના સપ્ટેમ્બર મહિનામાં એટલે કે, ચાલુ વર્ષે સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં જ વડોદરાનું તાપમાન ૩૭ ડિગ્રી પહોંચ્યું છે. તો ૨૦૨૧ સપ્ટેમ્બર મહિનામાં ૩૨ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. ૨૦૨૦માં ૩૬.૬ ડિગ્રી, ૨૦૧૯ના સપ્ટેમબરમાં ૩૪.૬ ડિગ્રી, ૨૦૧૮માં ૩૬.૮ ડિગ્રી, ૨૦૧૭માં ૩૬ ડિગ્રી, ૨૦૧૬માં ૩૬.૫ ડિગ્રી, ૨૦૧૫માં ૩૮.૫ ડિગ્રી, ૨૦૧૪માં ૩૬.૮ ડિગ્રી અને ૨૦૧૩માં ૩૭.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. ગુજરાતમાં વડોદરા સહિત અન્ય શહેરના તાપમાનમાં પણ વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ૩૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# વિશ્વનાથ વાઘેલાએ યૂથ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું

## પક્ષ પર લગાવ્યા ગંભીર આરોપ : વિશ્વનાથ વાઘેલાએ ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે ૧.૭૦ કરોડ રૂપિયા આપ્યા પછી મને પદ મળ્યું હતું

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસ સમેટાઈ રહી છે. કોંગ્રેસમાં વધુ એક વિકેટ પડી રહી છે. યૂથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલાએ કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. વિશ્વનાથસિંહ વાઘેલાએ સોનિયા ગાંધી અને જગદીશ ઠાકોરને રાજીનામું સોંપ્યું છે. રાજીનામુ આપતા તેમણે કોંગ્રેસ પર મોટો આક્ષેપ મૂક્યો કે, ૧.૭૦ કરોડ આપ્યા પછી મને પદ મળ્યું છે. મારી પાસેથી પૈસા લઈ કોંગ્રેસે વેચાતા પદ આપ્યા છે. સાથે જ તેમણે પરિવારવાદ અંગે લઈને વિશ્વનાથ વાઘેલાએ આરોપ આપ્યો છે. કોંગ્રેસમાં ફરી એકવાર પરિવારવાદનો મુદ્દો સળગ્યો છે. ત્યારે રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ પહેલા જ યૂથ કોંગ્રેસ પ્રમુખ વિશ્વાનાથ વાઘેલાએ રાજીનામુ આપ્યુ છે. ત્યારે આ સમાચાર કોંગ્રેસ માટે ઝટકો સમાન છે. સાથે જ વિશ્વનાથ વાઘેલાના ભાજપમાં જોડાવાની અટકળો પણ તેજ બની છે. રાજીનામુ આપીને વિશ્વનાથ વાઘેલાના કોંગ્રેસ પર મોટા આરોપ મૂક્યા છે. વિશ્વનાથ વાઘેલાએ આરોપ કર્યા કે, કોંગ્રેસ પરિવારની ભક્તિ કરવા માટે છે. હાલની કોંગ્રેસ દેશની સેવા માટે નથી. ૧.૭૦ કરોડ આપ્યા પછી મને પદ મળ્યું છે. મારી પાસેથી પૈસા લઈ કોંગ્રેસે વેચાતા પદ આપ્યા છે. છતાં હું સિનિયર નેતાના આંતરિક જૂથવાદનો ભોગ બન્યો છું. યુવાનો માટે કોંગ્રેસમાં કોઈ જગ્યા નથી.

કોંગ્રેસ ફરી એકવાર તૂટી છે. ૮ મહિનામાં જ વિશ્વનાથ વાઘેલાએ પક્ષને પ્રમુખ પદ પરથી રાજીનામુ આપ્યું છે. ગત ડિસેમ્બરમાં તેમની પ્રમુખ પદે વરણી કરવામાં આવી હતી. પ્રાથમિક સૂત્રોનુ કહેવુ છે કે, કોંગ્રેસના કેટલાક સિનીયર નેતાઓ ભાજપમાં જોડાવાના છે, તે કડીમાં આ પહેલુ રાજીનામુ હોવાનું ચર્ચાય છે. ઉલ્લેખનીય છે કે વિશ્વનાથસિંહ વાઘેલાએ કોંગ્રેસના યુવા નેતા હાર્દીક પટેલના નજીકના વ્યક્તિ છે અને છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમય દ્રજૈં મા અલગ અલગ પ્રદેશ-રાષ્ટ્રીય હોદાઓ સાથે જોડાયેલા છે. બીજી તરફ, વિધાનસભા ચૂંટણીને લઈ કોંગ્રેસના નેતાઓ સક્રિય થયા છે. આ માટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના ગુજરાતમા આવવાનુ શિડ્યુલ ગોઠવાઈ રહ્યું છે.

પ્રિયંકા ગાંધી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. રાહુલ અને પ્રિયંકા ગાંધી ગુજરાતમાં આવીને ચૂંટણી માટે પ્રચાર કરશે. આગામી ૩ મહિના સુધી બન્ને નેતાઓના મહત્વના કાર્યક્રમ ગોઠવાયા છે. કોંગ્રેસના ૨ ઝર અને સિનિયર નેતાઓ પણ ગુજરાતમાં ધામા કહેશે. રાજસ્થાન અને છત્તીસગઢના મુખ્યમંત્રી ગુજરાતમાં પ્રચારમાં જોડાશે. રાહુલ ગાંધીના ૫ સપ્ટેમ્બર બાદ પ્રિયંકા ગાંધી ગુજરાત આવશે.

# ભાદરવી પૂનમે અંબાજીમાં તૈયાર કરાયા ૫ વોટરપ્રુફ ડોમ

બનાસકાંઠા, તા.૪

યાત્રાધામ અંબાજીમાં બે વર્ષ બાદ યોજાનાર ભાદરવી પૂનમનો મેળો આવતીકાલ ૫ સપ્ટેમ્બરથી શરુ થઈ રહ્યો છે. મેળામાં લાખો પદયાત્રીઓની સુખ સુવિધા માટે કરાયેલી વ્યવસ્થા અંગે આજે અંબાજી મંદિર ખાતે બનાસકાંઠા જિલ્લાના પત્રકારો સાથે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાએ પ્રેસ કોંફેન્સ યોજી પત્રકારોને માહિતગાર કર્યા હતા. જોકે આ વખતે મેળા દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો આવનાર હોઈ સાથે હવામાન વિભાગે જે રીતે વરસાદની આગાહી કરી છે તેને લઈ મેળામાં વરસાદથી યાત્રિકોને તકલીફ ન પડે તે માટે ૫ વિશાળ વોટરપ્રુફ ડોમ બનાવવામાં આવ્યા છે. જયારે મંદિરમા દર્શન માટે પણ સિનિયર સીટીઝનને દિવ્યાંગો માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરાઈ છે. વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ શકે તે માટે મંદિરમાં દર્શનના સમયમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

# બહેનોને વધુ ટિકિટ મળે તેવું મોદીજી વિચારણા કરી રહ્યા છે

ભાવનગર, તા.૪

વિધાનસભાની ચૂંટણી ટાણે ભાવનગરના પ્રવાસના બીજા દિવસે સી.આર.પાટીલે વિવિધ અગ્રણીઓ સાથે સંવાદ કર્યો હતો. આજે કાર્યક્રમના અંતિમ દિવસે પાટિલે અનેક બેઠકો કરી હતી. આ પ્રસંગે સીઆર પાટીલે સાધુ સંતો, મહંતો, તેમજ કલાકરો સાથે સંવાદ કર્યો હતો. સીઆર પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મહિલાઓને વધુ ટિકિટ મળે તેવી વિચારણા કરી રહ્યા છે. મહિલા કાર્યકરોને તેમના સુઝાવ બંધ કવરમાં મોકલવા પાટીલે સુચન કર્યું હતું. મહિલા સંમેલનમાં સીઆર પાટીલે જણાવ્યું હતું કે, માત્ર ભાજપ જ એવો પક્ષ છે જેણે વિધાનસભા અને લોકસભામાં અનેક બહેનોને ટિકિટ આપી છે. આ વખતે પણ બહેનોને વધુ ટિકિટ મળે તે માટૈંસ્મોદી વિચારણા કરી રહ્યા છે. પાટીલે જણાવ્યું કે, રાજ્યમાં દીકરીઓની ઘટતી સંખ્યાને લઈને પીએમ મોદી ચિંતિત છે જેથી તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી અનેક યોજનાઓ અમલમાં મૂકી હતી. ગુજરાતમાં હવે ચૂંટણી નજીક છે, ત્યારે અનેક જિલ્લા તાલુકામાં સભાઓ શરૂ થઈ ગઈ છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ હાલ ભાવનગરમાં છે, ત્યારે તેઓ ભાવનગરના રાજવી પરિવારને મળ્યા હતા. દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બાદ હવે પાટીલે તેમની મુલાકાત લીધી છે. ભાવનગરમા યુવરાજ જયવીરરાજસિંહ સાથેની શુભેચ્છા મુલાકાતમાં શિક્ષણમંત્રી જીતુ વાઘાણી, પ્રદેશ ભાજપના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

### કાયદો અને કાનૂન અનુસંધાન ચોથાનું ચાલુ

રી-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટની અરજીનાં દાવાને પડકારતા બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટે ગુજરાત હાઈકોર્ટ ધી ગુજરાત ઓનરશીપ ફ્લેટ એકટ અને સંબંધિત કાયદાની જોગવાઈઓનાં અભ્યાસ બાદ નકારી જણાવેલ કે, માત્ર જુના બાંધકામ હોવા પાત્રથી તેમજ એ.એમ.સી. ની નોટીસ અને સ્ટ્રકચરલ ઈજનેરનાં રીપોર્ટ માત્રથી બિલ્ડીંગ ભયજનક છે તેવું માનવા પાત્ર નથી. તેથી બિલ્ડીંગ તોડી સભ્યોની પરવાનગી વગર રી-ડેવલોપમેન્ટમાં પ્રોજેકટ મુકી શકાય નહી. તેથી રી-ડેવલોપમેન્ટની અરજીને નામ. બોર્ડ ઓફ નોમિનીઝએ ફગાવી દીધેલી.સોસાયટીનાં તમામ સભ્યોની સંમતિ રી-ડેવલોપમેન્ટ માટે જરૂરી છે. તેમજ લેબોરેટરી રીપોર્ટ તેમજ સ્ટ્રકચરલ એન્જીનિયરનાં રીપોર્ટ આવશ્યક છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### સાયરસ મિસ્ત્રી અનુસંધાન પહેલાનું ચાલુ

ફેલાયેલો છે. કારોબારને લઈ ગયા નવી ઊંચાઈએ સાયરસ મિસ્ત્રી બે દાયકાના કાર્યકાળમા શાપૂરજી પલોનજી એન્ડ કંપનીને કન્સ્ટ્રકશન, ઈન્ફ્રાસ્ટ્રકચર, રિયલ એસ્ટેટ મામલે વિશ્વમાં કાઠું કાઢ્યું છે. તેમના નેતૃત્વમાં કંપનીએ મધ્ય પૂર્વ અને આફ્રિકામાં વિકાસ કર્યો. આ ગ્રુપનો કારોબાર ૫૦ દેશોમાં ફેલાયેલો છે. તેઓ કન્સ્ટ્રકશન ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંસ્થાપક સભ્ય પણ છે. ૨૦૦૬ માં, પલોનજી મિસ્ત્રી ટાટા જૂથના બોર્ડમાંથી નિવૃત્ત થયા અને તેમની જગ્યાએ ૩૮ વર્ષીય સાયરસ મિસ્ત્રી આવ્યા હતા. પલોનજી મિસ્ત્રી ટાટા ગ્રુપના સૌથી મોટા શેરહોલ્ડર હતા. આ રીતે સાયરસને શાપૂરજી પલોનજી ગ્રુપ ઉપરાંત ટાટા ગ્રુપની અનેક કંપનીના નિર્દેશક બનાવાયા હતા. નવેમ્બર ૨૦૧૧માં સાયરસ મિસ્ત્રીને ટાટા ગ્રુપના ઉપાધ્યક્ષ બનાવાયા હતા. રતન ટાટાના રિટાયરમેંટ બાદ ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨માં ટાટા ગ્રુપના ચેરમેન તરીકે વરણી કરાઈ હતી.

### તિરૂપતિ અનુસંધાન પહેલાનું ચાલુ

માટેની એક વર્ષની અંદરની કોઈપણ તારીખ આપે અથવા તો સેવામાં ખામી બદલ ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવે. ભાસ્કર અને તેમના પરિવારને જે માનસિક સંતાપ વેઠવો પડ્યો છે તેના માટે વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે. ૨૦૦૬થી આજની તારીખ સુધી ૧૨,૨૫૦ રૂપિયાની બુકિંગની રકમ ૨૪ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ ટીટીડીને કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, પ્રથમ વખત કોઈ ભક્તે સેવામાં ખામી બદલ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ સામે કન્ઝ્યૂમર કોર્ટમાં ફરિયાદ કરી છે. નવ દશકા પહેલા ટીટીડીની શરૂઆત થઈ હતી અને ત્યારથી અત્યાર સુધી ક્યારેય તેની સામે ભક્તે ફરિયાદ કરી નથી.

### ભાજપ સત્તા અનુસંધાન પહેલાનું ચાલુ

છે કોંગ્રેસે ૭૦ વર્ષમાં શું કર્યું છે? અમે એ કહીએ છીએ કે અમે આવી મોંઘવારી ક્યારેય બતાવી નથી. વિપક્ષ જ્યારે આ વાતોને સંસદમાં ઉઠાવવા માગે છે તો મોદી સરકાર તેમની બોલતી બંધ કરી દે છે. ટીવી અને અખબારમાં તેમની દખલ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ભારત જોડો યાત્રા જરુરત એટલા માટે પડી કારણ કે અમે જનતાની વચ્ચા જવા માગીએ છીએ. કારણ કે મીડિયા પર તેમનું નિયંત્રણ છે અને સંસદમાં અમને બોલવા દેવામાં આવતા નથી, જેના માટે અમારે યાત્રા કરવી પડશે.

### અવસાન અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે અમે સાયરસ મિસ્ત્રીના માર્ગ અકસ્માતમાં મૃત્યુના સમાચારથી આઘાતમાં છીએ. મુંબઈ-અમદાવાદ હાઈવે પર સૂર્યા નદી પરના પુલ પર બપોરે આ ઘટના બની હતી. આ અકસ્માત બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ થયો હતો. છઁના મહારાષ્ટ્ર અધ્યક્ષ પ્રીતિ શર્મા મેનને કહ્યું કે હે ભગવાન આ ભયંકર સમાચાર છે. હું તેમના પ્રિયજનો અને સહયોગીઓ માટે શક્તિ માટે પ્રાર્થના કરું છું. દ્રઝૅ પ્રવક્તા અને સાંસદ સુપ્રિયા સુલેએ ઊંડું દુઃખ વ્યક્ત કરતાં લખ્યું છે કે હું મારા ભાઈના મૃત્યુના સમાચાર સાંભળી રહી છું. વિશ્વાસ નથી કરી શકતી.

શિવસેનાના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ તેમના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેણે લખ્યું છે કે સાયરસ મિસ્ત્રીના માર્ગ અકસ્માતમાં મૃત્યુના સમાચાર સાંભળીને હું આઘાત અને દુઃખી છું. તેમના માટે પ્રાર્થના, તેમના પરિવાર અને મિત્રોને આ દુઃખનો સામનો કરવા માટે હૃદયપૂર્વક સંવેદના.

બિઝનેસમેન હર્ષ ગોયેન્કાએ લખ્યું છે કે સાયરસ મિસ્ત્રીના અકસ્માતમાં મૃત્યુના આઘાતજનક સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું છે. તે મિત્ર હતો, સજ્જન વ્યક્તિ હતો. વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ જાયન્ટ શાપૂરજી પલોનજીને વિકસાવવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી અને ટાટા જૂથનું નેતૃત્વ કર્યુ હતું.

કોંગ્રેસના નેતા પવન ખેરાએ પણ સાયરસ મિસ્ત્રીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમના મૃત્યુના સમાચારથી સમગ્ર દેશને આઘાત લાગ્યો છે.

### વિરાટ અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રિકેટમાં સદી ફટકારી શક્યો નહીં. શોએબ અખ્તરે તેને લઈને કહ્યું- તમે હંમેશા મહાન પ્લેયર રહી શકો છો. આ ખુબ મુશ્કેલ થવાનું છે. ૩૦ સદી ફટકારવી સરળ નથી. પરંતુ લાંબા ફોર્મેટમાં રમવાથી ક્રીઝ પર વધુ સમય પસાર કરવાની તક મળે છે. શોએબ અખ્તરે કહ્યુ, વિરાટ કોહલી પ્રયાસ કરી રહ્યો છે પરંતુ હવે તેની પાસે સમય ખુબ ઓછો છે. વિરાટ કોહલીએ સારી સ્ટ્રાઈક રેટ રાખવી પડશે અને ટીમની જીત વિશે પણ વિચારવું પડશે. વિરાટ કોહલી પોઝિટિવ છે. હું ઈચ્છુ છું કે વિરાટ કોહલી સચિન તેંડુલકરની ૧૦૦ સદીનો રેકોર્ડ તોડે. પરંતુ આ શક્ય લાગી રહ્યું નથી. વિરાટ કોહલી એવો ખેલાડી છે જે તેને શક્ય બનાવી શકે છે.

### અમારા લોહી અનુસંધાન પહેલાનું ચાલુ

કે તેમને તેનું ઘર (કોંગ્રેસ) છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. નબીના રાજીનામા બાદ ઘણા કોંગ્રેસ નેતા અને કાર્યકર્તા પાર્ટી છોડી ચુક્યા છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ૮ પૂર્વ મંત્રી, એક પૂર્વ સાંસદ, ૯ ધારાસભ્યો સહિત અનેક નેતાઓએ પાર્ટી છોડી દીધી છે.

### કેનેડા અનુસંધાન પહેલાનું ચાલુ

૩૩૬૭૦ સ્ટડી પરમિટ મંજૂર થઈ હતી. ૨૦૨૧માં ૧૩૩૬૫૨ સ્ટડી પરમિટ મંજૂર કરાઈ હતી. જાન્યુઆરી અને મે મહિના વચ્ચે ૫૯,૭૪૮ લોકોએ કેનેડામાં એડમિશન લીધું હતું.

કેનેડામાં જુદી જુદી જગ્યાઓ પર ખાલી પોસ્ટની સંખ્યામાં ૩.૨ ટકાનો વધારો છે. અત્યારે અગાઉની સંખ્યામાં ૩૨,૦૦૦ વધારે જોબ ઉપલબ્ધ છે. કેનેડા સરકાર ઝડપથી વિઝા ઈશ્યૂ કરે તો ઈમિગ્રન્ટ્સ કામ કરવા તૈયાર છે, પરંતુ કામગીરીમાં ઘણો વિલંબ થયો છે. કેનેડામાં ગયા વર્ષે જૂન મહિનામાં વેકેન્સીનો દર એક ટકા હતો જે આ વખતે વધીને ૫.૯ ટકા થયો છે. દેશમાં ભરાયેલી અને ખાલી જગ્યાઓની કુલ સંખ્યા ૧.૭૭ કરોડને પાર કરી ગઈ છે.

લેટેસ્ટ આંકડા પ્રમાણે હેલ્થ કેર અને સોશિયલ આસિસ્ટન્સમાં જોબની સંખ્યા ૪૦ ટકા વધી છે. આ ઉપરાંત દેશમાં ૧,૪૯,૭૦૦ જગ્યાઓ ભરવાની છે અને જોબ વેકેન્સી રેટ ૬.૩ ટકા છે. રહેઠાણ અને ફૂડ સેક્ટરમાં ૧.૭૨ લાખ જેટલી જગ્યાએ અને રિટેલ ટ્રેડ સેક્ટરમાં પહેલાની સરખામણીમાં ૧૫,૨૦૦ વધારે જગ્યાઓ ખાલી છે. આ સેક્ટરમાં અત્યારે ખાલી જગ્યાઓની સંખ્યા ૧.૧૪ લાખ થઈ છે. ગયા મહિને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં ૮૯,૨૦૦, મેન્યુફેક્ચરિંગમાં ૮૨,૮૦૦, પ્રોફેશનલ, સાયન્ટિફિક અને ટેકનિકલ સર્વિસમાં ૭૨,૨૦૦ તથા ટ્રાન્સપોર્ટેશનમાં ૪૯,૦૦૦ જગ્યાઓ ખાલી હતી.

### કોરોના અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ, ગાંધીનગર અને કલોલમાં બે-બે કેસ નોંધાયા છે. દહેગામ તાલુકામાં દહેગામ શહેર અને રખિયાલમાંથી એક-એક કેસ મળેલ છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઉવારસદ અને અંબા ટાઉનશીપમાંથી એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં પલિયડ અને કોરોના માટે હોટ સ્પોટ બનેલ ડિંગુચામાંથી એક-એક કેસ મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્યવિસ્તારમાં ૧૨૮૯ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

### ભાદરવો અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક સમયથી ગરમીનો પારો ૨૪ ડીગ્રીની આસપાસ રહેતા વાતાવરણમાંથી ગરમી અદ્રશ્ય થઇ ગઇ હતી જો કે વધતા ભેજના પ્રમાણના લીધે નગરજનો બફારો અનુભવી રહ્યા છે. હાલમાં પણ મહત્તમ તાપમાનમાં ચઢ ઉતર વચ્ચે ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ છે. દિવસના બપોરના સમયે આકરો તાપ અનુભવાય છે. જયારે વરસાદી વાદળોની અવરજવર વચ્ચે ભેજનુ પ્રમાણ હજુ નોંધપાત્ર રહેતા નગરજનો ઉકળાટથી પણ પરેશાન છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી આસપાસ રહ્યુ હતુ જયારે મહત્તમ તાપમાનની સાથે લઘુત્તમ તાપમાન પણ અગાઉ કરતા એકાદ ડીગ્રી ઉંચકાયુ છે. લઘુત્તમ તાપમાન પણ આજે ૨૫.૭ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જે ગઈકાલની સાપેક્ષમાં ૩ ડીગ્રી ઉપર આવ્યુ છે. આજે બપોરનો તાપ પણ આકારો અનુભવતા નગરજનો દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટથી પરેશાન બન્યા હતા છેલ્લા બે ચાર દિવસથી વરસાદી ઝાપટા પણ વરસતા નથી જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. બપોરના આકરા તાપ બાદ સાંજે અને રાત્રિના સમયે પણ વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તયો હતો. જયારે દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ. વરસાદી વાયરાના અંતે હાલ ભાદરવો તપતા નગરજનો આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે વરસાદી વાતાવરણના અંતે ઉઘાડ નિકળતા મોસમના બદલાતા મિજાજ વચ્ચે નગરજનો પ્રભાવિત છે. જો કે મોડી સાંજ બાદ અને વહેલી સવારે વાતાવરણમાં થોડી ઠંડક પ્રવર્તે છે. જેના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા છે. શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થઇ ગયો છે. ત્યારે ભાદરવામાં પણ વરસાદી ઝાપટા વરસે તેવી સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. હાલ તો વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનુ જોર વધી રહ્યુ છે. નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે.

### સ્ટ્રીટલાઈટ અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવામાં આવી રહ્યો છે. જયારે નવા સેકટરોમાં ઘણાં પોલ્સને કલર કરી દેવાયો છે. પરંતુ કલરકામના અંતે તુરંત જ જાહેરાતના પેમ્ફલેટ્સ પણ ચિપકાવી દેવાયા છે. થોડા સમય અગાઉ આ મામલે તંત્ર કક્ષાએથી આ ગતિવિધિને રોકવા માટે દંડ વસુલી કરવા સુધીના પગલા લેવા નિર્ણય કરાયો હતો જો કે આ મામલે આગળ કશુ ન થતા લાઈટીંગ પોલ્સ પર ઠેર ઠેર આ સ્થિતિ જોવા મળે છે. શહેરમાં ગમે ત્યાં બેનર્સ, પેમ્ફલેટ તેમજ હોર્ડીંગ્સ લગાવી દેવામાં આવે છે. પરંતુ આ પ્રકારની હરકત સામે કોઈ પગલા લેવામાં આવતા નથી. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓએ પણ આ પ્રકારની હરકતને અટકાવવા માટે ત્વરિત અસરકારક એકશન લેવામાં આવે તેવી લાગણી અને માંગણી વ્યકત કરી છે.